**માનનીય અધ્યક્ષશ્રી,**

- સતત ત્રીજી વખત ભારતના વડાપ્રધાન બનવા બદલ ગુજરાતના સપૂત એક સમયના આ ગૃહના નેતા રહેલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીને ખુબ ખુબ અભિનંદન પાઠવીએ છીએ.
- ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વમાં **'NDA 3.0' જન જનની આકાંક્ષાઓની પૂર્તિ કરતી રહે તેવી શુભકામનાઓ પાઠવીએ છીએ.**
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના યશસ્વી નેતૃત્વમાં છેલ્લા દસ વર્ષથી અવિરત જન સેવાનો કલ્યાણ યજ્ઞ ચાલી રહ્યો છે.
- **ગરીબ, યુવા, કિસાન, નારીના કલ્યાણ દ્વારા સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસનો મંત્ર રંગ લાવ્યો છે.**
- વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીની "નેશન ફર્સ્ટ" ની ભાવના આપણને અસાધારણ લક્ષ્યો હાંસલ કરવા માટે હિંમત આપે છે અને આપણી અંદર કંઈક કરવાની ઈચ્છા પેદા કરે છે.
- છેલ્લા 10 વર્ષમાં વિશ્વની સૌથી મોટી લોકકલ્યાણ યોજનાઓ થકી **25 કરોડ લોકોને ગરીબી રેખાથી ઉપર લાવવાનો ભગીરથ પ્રયાસ કર્યો છે.**

**માનનીય અધ્યક્ષ શ્રી,**

**વિશ્વકર્મા યોજના**

- **70 માં સ્વતંત્ર દિવસના અવસર પર આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી લાલ કિલ્લા પરથી દેશવાસીઓને વિશ્વકર્મા યોજના શરૂ કરવાનું વચન આપ્યું હતું તે વચન 17 સપ્ટેમ્બર, 2023ના ઐતિહાસિક દિવસ વિશ્વકર્મા પૂજન દિવસ અને વડાપ્રધાનશ્રીના જન્મ દિવસ નિમિત્તે પીએમ વિશ્વકર્મા યોજના રાષ્ટ્રને સમર્પિત કરી છે.**
- ભગવાન વિશ્વકર્મા દેવતાઓના શિલ્પકાર છે. શિલ્પકાર એટલે જન્મજાત By Birth એન્જીનિયર. દેવી–દેવતાઓના ભવન, મહેલ, રથ, હથિયારોનું નિર્માણ વિશ્વકર્મા જ કરતાં આવ્યા છે.
- વિશ્વકર્માએ પોતાના હાથે અનેક રચનાઓ કરી હતી. તેમણે લંકા, દ્વાપર યુગમાં કૃષ્ણનું શહેર દ્વારકા, પાંડવો માટે ઈન્દ્રપ્રસ્થ શહેર અને હસ્તિનાપુર અને લંકાનું નિર્માણ કર્યું હતું.
- સ્ટેચ્યુ ઓફ યુનિટીથી લઈને કરોડો હિન્દુઓની આસ્થા સમાન રામ મંદિર પણ વિશ્વકર્મા સમાજના લોકોએ બનાવ્યું છે.

**છેવાડાના માનવીના ઉદ્ધાર માટે 18 પરંપરાગત વ્યવસાયોને પીએમ વિશ્વકર્મા અંતર્ગત આવરી લેવામાં આવ્યા છે.**

| | | | |
|---|---|---|---|
| સુથાર | નૌકા બનાવનાર, | બખ્તર બનાવનાર | મૂર્તિકાર (શિલ્પી), પથ્થર તોડનાર |
| લુહાર | તાળા બનાવનાર | કડિયાકામ | બાસ્કેટ/ચટાઈ/ઝાડુ બનાવનાર/કાથાદોરી(સીંદરી) બનાવનાર |
| કુંભાર | મોચી/પગરખાં કારીગર | ફૂલહાર બનાવનાર | રમકડાં અને ઢીંગલી બનાવનાર(પરંપરાગત) |
| ધોબી | વાણંદ | હથોડી અને ટુલકીટ બનાવનાર | માછીમારીની જાળ બનાવનાર. |
| દરજી | સોની | | |

**માનનીય અધ્યક્ષ શ્રી,**

**પીએમ વિશ્વકર્મા યોજનાથી મળનારા લાભ વિષે ચર્ચા કરીએ તો,**

- લગભગ દેશના લાખો પરિવારોને આ યોજનાનો લાભ મળવાનો છે તેઓ અંદાજ છે.
- સફળ રજિસ્ટ્રેશન બાદ લાભાર્થીને પીએમ વિશ્વકર્મા સર્ટિફિકેટ અને આઈડી કાર્ડ.
- કૌશલ્ય ચકાસણી પછી, લાભાર્થીઓને ઈ–વાઉચર સ્વરૂપે રૂ.15,000/– ની ટૂલકિટનો લાભ.
- લાભાર્થીઓને દૈનિક રૂ.500/– ના સ્ટાઈપન્ડ સાથે બેઝિક કૌશલ્ય તાલીમ.
- બેઝિક કૌશલ્ય તાલીમ બાદ લાભાર્થીને 18 મહિનાની મુદત સાથે રૂ.1 લાખ સુધીની કોલેટરલ ફ્રી લોન 5% ના રાહત દરે મળવા પાત્ર છે.
- જે કુશળ લાભાર્થીઓ સ્ટાન્ડર્ડ લોન એકાઉન્ટ જાળવશે અને જેમણે ડિજિટલ વ્યવહારો અપનાવ્યા છે અથવા એડવાન્સ કૌશલ્ય તાલીમ લીધી છે, તેઓ 30 મહિનાના સમયગાળા સાથે ₹2 લાખ સુધીની બીજી લોન એ પણ 5% ના રાહત દરે મળવા પાત્ર છે.
- કારીગરો ડિજિટલ ટ્રાન્ઝેક્શન ઈન્સેન્ટિવ્સ દ્વારા પ્રતિ ટ્રાન્ઝેક્શન દીઠ રૂ. 1, દર મહિને 100 વ્યવહારોની મહત્તમ મર્યાદા સુધી આપવામાં આવશે.
- **સમગ્ર ગુજરાતમાં અત્યારસુધીમાં 1 લાખ 77હજારથી વધુ એપ્લીકેશન અંતિમ સ્ટેજમાં મંજૂર થયેલ છે.**

## વિશ્વકર્મા સમાજની ગૌરવગાથા

- **વિશ્વકર્મા સમાજ પેન થી લઇ પ્લેન બનાવવામાં પોતાનું યોગદાન આપે છે.**
- **આધુનિક યુગનો વિશ્વકર્મા સમાજનો દીકરો ડિફેન્સ સેક્ટર હોય કે ફેશન ટેક્નોલોજી..**
- અરે, દેશ વિદેશના મહેમાનોને મળવાનું થાય કે પછી માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીને વિદેશ મુલાકાત હોય.. જે આર્ટીજનની વસ્તુ દ્વારા સ્વાગત કરવામાં આવે છે તે પણ વિશ્વકર્મા સમાજ દ્વારા તૈયાર કરેલ હોય છે. **વોકલ ફોર લોકલના બ્રાન્ડ એમ્બેસેડર એટલે આપણાં નરેન્દ્ર મોદીજી.**
- **વિશ્વની મોટી–મોટી કંપનીઓ આવીને વિશ્વકર્મા સમાજના બારણે ટકોરા મારે, તે ક્ષમતા વિશ્વકર્મા સમાજની અંદર લાવવાનું માનનીય નરેન્દ્રભાઈ મોદીજીનું સપનું છે.**
- **આપણા વિશ્વકર્મા મિત્રો 'મેક ઈન ઈન્ડિયા'ની શાન છે.**
- **વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીની સરકાર હંમેશા લોકોની પડખે**
- **ભાજપ સરકારનો કાર્યમંત્ર રહ્યો છે :–"હર હાથ કો કામ, હર કામ કા સન્માન".**
- **દેશની 140 કરોડની આબાદીના વિકાસ માટે ભગવાન વિશ્વકર્માને યાદ કરવા માટે વૈશ્વિક નેતા અને યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબને ખૂબ ખૂબ અભિનંદન.**

## માનનીય અધ્યક્ષશ્રી, ગરીબ કલ્યાણલક્ષી યોજનાની વાત કરીએ તો

### ➢ પ્રધાનમંત્રી સ્ટ્રીટ વેન્ડર્સ આત્મનિર્ભર નિધિ (પીએમ સ્વનિધિ) યોજના

- વડાપ્રધાનશ્રીએ હંમેશાં સમાજના દરેક વર્ગના લોકોના આર્થિક સશક્તિકરણની દરકાર કરી છે.
- કોરોના મહામારી દરમિયાન આર્થિક રીતે સૌથી વધુ અસરગ્રસ્ત શહેરી શેરી ફેરિયાઓ પોતાની આજીવિકા માટે તેમનો વ્યવસાય શરૂ કરી શકે તેવા ઉમદા ઉદ્દેશ્યથી શેરી ફેરિયાઓને લોન આપવા માટે પ્રધાનમંત્રી સ્ટ્રીટ વેન્ડર્સ આત્મનિર્ભર નિધિ (પીએમ સ્વનિધિ) યોજના શરૂ કરવામાં આવી હતી.
- **આ યોજના હેઠળ ગુજરાત રાજ્યની તમામ મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓમાં અત્યારસુધીમાં કુલ 4,37,691 લાખ શેરી ફેરિયાઓને ₹773.08 કરોડની લોન આપવામાં આવી છે.**

## ➢ આયુષ્યમાન ભારત – પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (AB-PMJAY)

**માનનીય અધ્યક્ષશ્રી**

- દેશભરના ગરીબો અને વંચિતોને ગંભીર રોગોમાં વિનામૂલ્યે સારવાર પ્રદાન કરવાના ઉદ્દેશથી **વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ આયુષ્માન ભારત–પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના જાહેર કરી હતી.**
- **આજે આ યોજના ભારતના 50 કરોડ જેટલા ગરીબ લોકોની આરોગ્ય સુરક્ષાને આવરી લેતી વિશ્વની સૌથી મોટી સ્વાસ્થ્ય યોજના છે.**
- **ગુજરાતે ગત વર્ષે આ યોજનામાં એક ડગલું આગળ વધીને આયુષ્માન ભારત–પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળની લાભ મર્યાદા ₹5 લાખથી વધારીને ₹10 લાખ કરી છે.**
- ગુજરાતમાં આ યોજનાને રાજ્ય સરકારની મુખ્યમંત્રી અમૃતમ યોજના સાથે સંકલિત કરવામાં આવી છે, જેને સંયુક્ત રીતે **PMJAY-MA** તરીકે ઓળખવામાં આવે છે. **રાજ્યમાં PMJAY-MA હેઠળ અત્યારસુધીમાં કુલ 2,38,67,625 કાર્ડ ઈશ્યુ કરવામાં આવ્યા છે.**

## પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી અને ગ્રામ્ય વિકાસ વિભાગ)

### માનનીય અધ્યક્ષશ્રી

- **માથે આકાશ અને નીચે ધરતી તેવા લોકોને પૂછો એક છાપરું બનાવતા વર્ષો લગતા હોય છે.**
- **કોંગ્રેસના જમાનામાં છાપરા હતા અને છાપરામાં રહેવાની નીતિ હતી.**
- **આખી જિંદગી પૂરી થઇ જાય તોય પાકું ઘર ન બની રહે.**
- **મોદીજીની સરકારે લોકોને પાકું ઘર આપી લોકોના સપનાઓ સાકાર કર્યા છે.**
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના શહેરી તેમજ ગ્રામીણ વિસ્તારોમાં વસતા ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને પોસાય તેવી કિંમતોએ પાકાં મકાનો ઉપલબ્ધ કરાવવાના હેતુથી વર્ષ 2015માં પ્રધાનમંત્રી આવાસ યોજનાનો પ્રારંભ કર્યો હતો.
- છેલ્લા 9 વર્ષોમાં આ યોજના હેઠળ દેશના લાખો પરિવારોને પોતાના સપનાનું ઘર મળ્યું છે, ત્યારે ગુજરાતમાં પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી અને ગ્રામીણ) હેઠળ **13 લાખથી વધુ આવાસોનું નિર્માણ કરવામાં આવ્યું છે.**

## **પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના**

### **માનનીય અધ્યક્ષશ્રી**

- પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ એક કલ્યાણકારી યોજના છે, જેના દ્વારા સરકાર દેશની ગરીબી રેખા નીચે જીવતા પરિવારની મહિલાઓને મફત ગેસ કનેક્શન આપે છે.
- આ માટે લાભાર્થીને યોજના હેઠળ ગેસનો ચૂલો આપવામાં આવે છે અને LPG સિલિન્ડર પણ આપવામાં આવે છે.
- **પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના અંતર્ગત હાલ સમગ્ર ગુજરાતમાં કુલ 43 લાખ ગેસ કનેક્શન આપવામાં આવ્યા છે.**
- ધુમાડો, આંખોમાં બળતરા, ફેફસાના રોગો આ બધામાંથી માતાઓ–બહેનોને મુક્તિ મળી છે.
- એ ગરીબ માના આંસુ લૂછવાનું કામ પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના માધ્યમથી થયું છે.
- **લાખો માતાઓના આશીર્વાદ સદાય મોદીજીની સાથે રહ્યા છે.**

## **પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના:**

### **માનનીય અધ્યક્ષશ્રી**

- વર્ષ 2020માં કોરોના મહામારી દરમિયાન ગરીબ વર્ગના લોકોને રાહત પૂરી પાડવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના શરૂ કરી હતી.
- આ યોજના હેઠળ **દેશના ગરીબ પરિવારોને દર મહિને પાંચ કિલોગ્રામ અનાજ નિઃશુલ્ક આપવામાં આવે છે.**
- અત્યારસુધીમાં આ યોજના હેઠળ **ગુજરાતમાં લગભગ ₹12,420 કરોડના બજાર મૂલ્યના લગભગ 25 લાખ મેટ્રિક ટન ઘઉં અને લગભગ 21 લાખ મેટ્રિક ટન ચોખા, એટલે કે કુલ મળીને લગભગ 46 લાખ મેટ્રિક ટન અનાજનું વિતરણ કરવામાં આવ્યું છે.**
- લોકોને પગભર કરી ગરીબી રેખાથી બહાર લાવી આર્થિક સુરક્ષા કવચ પૂરું પાડવાનું કામ મોદીની સરકારે કર્યું છે.

## પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના અને પ્રધાનમંત્રી જીવનજ્યોતિ વીમા યોજના

- અસંગઠિત ક્ષેત્રના શ્રમિકો આર્થિક રીતે સુરક્ષિત રહે તે સુનિશ્ચિત કરવાના ઉદ્દેશથી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ મે, 2015માં પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના અને પ્રધાનમંત્રી જીવનજ્યોતિ વીમા યોજના શરૂ કરી હતી.
- **આ યોજનાઓ અનિશ્ચિતતાઓ સામે માનવજીવનને સુરક્ષિત કરે છે, અને નાગરિકોની નાણાકીય જરૂરિયાતોને પહોંચી વળવાની ખાતરી આપે છે.**
- પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના હેઠળ અકસ્માતને કારણે થતા મૃત્યુ અથવા આજીવન વિકલાંગતા માટે વીમા કવરેજ આપવામાં આવે છે, જ્યારે પ્રધાનમંત્રી જીવનજ્યોતિ વીમા યોજના હેઠળ કોઈપણ કારણસર થતા મૃત્યુ માટે વીમા કવરેજ આપવામાં આવે છે.
- **ગુજરાતમાં પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના અંતર્ગત કુલ 1,68,89,613 રજિસ્ટ્રેશન કરવામાં આવ્યા છે** અને **લગભગ 5694 દાવાઓ દાખલ કરવામાં આવ્યા છે, જેમાંથી 4436 દાવાઓ માટે ચૂકવણી કરવામાં આવી છે, એટલે કે 85.72% દાવાઓનું સેટલમેન્ટ કરવામાં આવ્યું છે.**

## PM મોદી જી ક્યારેય નહેરુજી નહિ બની શકે.

સતત 3 જી વખત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી વડાપ્રધાન બન્યા છે. સતત 3 વખત વડાપ્રધાન તો નહેરુજી પણ બન્યા છે. **પણ આ સમાનતાને કારણે બંને 'સેમ ટૂ સેમ' ના બની શકે.**

| **નહેરૂજી** | **મોદીજી** |
|---|---|
| પોતાના ત્રીજા કાર્યકાળમાં નહેરૂજીનો વોટ શેર ખૂબ ઓછો થયો. એટલે કે પોપ્યુલારિટી પણ ખૂબ ઓછી થઈ. | વિપક્ષના તમામ ગઠબંધન અને ગણિત પછી પણ ત્રીજી વખત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનો વોટ શેર વધ્યો છે. |
| નહેરુજીના સમયમાં વિપક્ષી પાર્ટીઓ લગભગ કોઈ હતી જ નહિ. | અહીં મોદીજીને હરાવવા માટે 30 પાર્ટીઓ એકજૂઠ હતી. |
| નહેરૂ ઉપર સવાલ કરવા બદલ મીડિયા અને રેડિયો ઉપર એક્શન લેવામાં આવતા હતા. | આજે મોદીજીની ટીકા કરીને તેમને તાનાશાહ બતાવવાને લોકોએ ધંધો બનાવ્યો છે. જેનાથી લોકો લાખો – કરોડો કમાઈ રહ્યા છે. |
| નહેરુજી માટે હવાઈજહાજ થી સ્પેશિયલ સિગરેટ મંગાવામાં આવતી હતી. | હવે હવાઈજહાજોની મદદથી વિદેશોમાં ફસાયેલા ભારતીય નાગરિકોને સલામત લાવવામાં આવે છે. |

| | |
|---|---|
| નહેરુજીએ જમ્મુ અને કશ્મીરને અલગ કરીને કલમ 370 લાગુ કરી | મોદીજીએ કલમ 370 હટાવીને જમ્મુ અને કાશ્મીરને ભારતનો અભિન્ન અંગ બનાવ્યું. |
| ભારતના પ્રધાનમંત્રી પદની ગરિમાને નહેરુએ એડવિનાના પગમાં મૂકી. | મોદીજીએ વિશ્વપટલ પર ભારતને ગૌરાન્વિત કરવાનું કામ કર્યું. |
| નહેરુજીએ અક્સાઈ ચીન અને ભારતની હજારો કિલોમીટર જમીન દુશ્મનોને ભેટ આપી. | મોદીજીએ ભારતની સંપ્રભુતા પર આંચ આવવા ન દીધી. આંખ દેખાડવાવાળા લોકોને કરારો જવાબ આપ્યો. |
| નહેરૂએ ભારતની છબી સપેરાઓના દેશની બનાવી. | મોદીજીના નેતૃત્વમાં આજે આપણો દેશ નીત નવી ઉંચાઈઓ સાથે ચંદ્રના દક્ષિણ ધ્રુવ સુધી પહોંચ્યો. |

સાચી વાત તો એ જ છે કે એક સમાનતાને કારણે મોદીજી નહેરુ નહિ બની જાય, અને બનવા પણ ન જોઈએ. કારણ કે એ ખૂબ બેઈજ્જતીની વાત હશે.

**અંત તરફ**

- વહીવટમાં માનવીય સ્પર્શ થકી સુશાસનના વૈશ્વિક માપદંડો ચરિતાર્થ થયા છે.
- **આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના સબળ નેતૃત્વમાં...**
  - **ગામડાં મજબૂત થયાં,**
  - ગરીબોને સશક્ત કરવામાં આવ્યા,
  - **દલિતોનું અને આદિવાસીઓનું સન્માન થયું,**
  - યુવાનોની આકાંક્ષાઓ પૂર્ણ થઈ,
  - **મહિલાઓનું સન્માન થયું,**
  - ખેડૂતોને મુખ્ય પ્રવાહમાં લાવવામાં આવ્યા અને
  - **વંચિત–પીડિતોને આગળ ધપાવવામાં આવ્યા.**
- લોકો તરફી ગુડ ગવર્નન્સ, એસ્પિરેશનલ ડિસ્ટ્રિક્ટ, એસ્પિરેશનલ બ્લોક જેવા નવતર પ્રયોગોની આજે વિશ્વમાં ચર્ચા થઈ રહી છે.
- **ગરીબોના સશક્તિકરણથી લઈને લાસ્ટ માઈલ ડિલિવરી સુધી, સમાજના છેલ્લા વ્યક્તિને પ્રાથમિકતા આપવાના આપના પ્રયાસોએ વિશ્વને પ્રેરણા આપી છે.**

- ભારતનું ડિજિટલ ઈન્ડિયા આજે સમગ્ર વિશ્વ માટે એક ઉદાહરણ છે કે કેવી રીતે આપણે ટેક્નોલોજીનો ઉપયોગ કરીને ગરીબોને સશક્ત કરી પારદર્શિતા લાવી શકીએ.
- **ભારતમાં આજે, ગરીબોને માહિતી અને સેવાઓની સુલભતા સુનિશ્ચિત કરીને સસ્તો ડેટા સામાજિક માધ્યમ બની રહ્યો છે.**
- ટેક્નોલોજીના આ લોકશાહીકરણને આખું વિશ્વ સંશોધનના દૃષ્ટિકોણથી જોઈ રહ્યું છે અને મોટાં વૈશ્વિક દેશોને ભારતના મોડલમાંથી શીખવાની સલાહ આપી રહ્યા છે.
- **વિકસિત ભારતના કર્તવ્ય પથ પર દોડી રહેલા ભારતને વિકસિત ગુજરાત ખભે ખભા મિલાવી સમર્પિત થઈ રહ્યું છે.**
- **ગુજરાતની સાડા છ કરોડ જનતા વતી નરેન્દ્રભાઈ મોદીજીને લાખ લાખ અભિનંદન પાઠવીએ છીએ.**

**“નરેન્દ્ર મોદી 3.0” સરકાર તેજ ગતિથી આગળ વધે, વિકસિત ભારતના સ્વપ્ન સાકાર કરશે તેવી આશા સહ શુભકામનાઓ**